સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

(રજત જયંતી વર્ષ)

કર્ફ્યુ નો બૂરખો ઓઢી લોકડાઉન પેઠું છે !
ગરીબો ગળી જવા, મોં ફાડી અર્થતંત્ર બેઠું છે !
એઠું ય ચાટી જાય તંત્ર નિવેદન- ના જાળાંનું નામ
બદલાવીને લાદે નિયંત્રણો, એ જૂઠું છે !!

પકડે કાન !
ને કરે કબૂલાત -
ડાબે હાથે થી..
(લોકડાઉન તો નહીં જ)

ઇંજેકશનોને
વેન્ટીલેટર પણ -
કોરોન્ટાઈન !!
(ભ્રષ્ટાચાર નો ચેપ)

હાઈકુ

ચિંતન

નરપક્ષયો નરપતિ દયિતો અપિ વંશજન્માપિ ।
ન ભવતિ તાવદ્ ગુણવાન ધનુરિવ યાવન્ન માનવો નમતિ ॥

ઉપરોક્ત શ્લોક વિવેક ચુડામણિગ્રંથ માંથી લેવામાં આવેલ છે.

આ શ્લોકમાં ધનુષ્ય અને સજ્જનની સરખામણી અદ્‌ભૂત રીતે કરવામાં આવી છે.

બન્નેના જન્મ ઉત્તમ વંશમાં થાય છે. ઉત્તમ ધનુષ્ય ઉત્તમ વાંસમાંથી થાય છે. રાજાને પ્રિય છે. શત્રુપક્ષને ત્યારે જ હણી શકે છે જ્યારે એમાં નમ્રતાનો નમવાનો ગુણ હોય. વાંકુ વળતું હોય તો એની પણ છ પરથી તીર સંપૂર્ણ તાકાત થી છુટી શકે છે. એટલે જ્યાં સુધી પણ છ ખેંચવાથી ધનુષ્યની કમાન વાંકી ન વળે ત્યાં સુધી એ ઉત્તમ કોટિનું કહેવાય નહીં.

એવી જ રીતે સજ્જન ઉત્તમ વંશમાં જન્મ્યો હોય, રાજાને પ્રિય હોય, કારણ કે સદ્‌ગુણ અને નમ્રતાના ગુણને લીધે એ સૌને નમીને જ ચાલે છે. આથી હરીફ પક્ષ દુશ્મનોને જીતી લેવામાં સફળ થાય છે.

અર્થાત ધનુષ્ય અને મનુષ્યમાં નમ્રતા વિવેકનો ગુણ હોય તો જ એ રાજા, પ્રજામાં પ્રિય થઈ બધાને જીતી શકે છે. ગમે તેવા સશક્ત અને બળવાન મનુષ્યમાં પણ નમ્રતા વિવેક હોય તો જ સૌને પ્રિય થઈ બધાંને જીતી શકે.

સુવિચાર

- મન કે મારે બન ગયે, બન તજિ બસ્તી માહિં, કહે કબીર ક્યા કીજિયે, યહ મન ઠહરે નાહિં : **કબીર**
- સતગુરુ ! કોરો રે કાગળિયા ની હું તો ચબરખી સાધુ ! એ તો વાંસીદામાં વહી જાશે, મારા ઉરમાં લખી દો અઢી આંકડા, જુગ જુગ જગમાં વંચાશે : **દુલાભાયા કાગ**
- મનુષ્ય માત્રને અજ્ઞાનરૂપી તમરુ વળગ્યું છે તે સત્સંગ વિના જતું નથી : **મોરારિબાપુ**
- કદાચ આપણા ગ્રહોની કુંડળી શીખેલી જ્યોતિષ વિદ્યાર્થી વાંચી શકાતી હશે, પરંતુ વ્યક્તિના ચહેરા પરની પ્રત્યેક રેખાને આબાદ વાંચી અને સમજી શકવાની વિદ્યા એના માં-બાપ પાસે હોય છે : **એસ. ભટ્ટાચાર્ય**
- ભગવાન જો પૃથ્વી પર રહેતો હોત તો લોકો એ બારીનાં કાચ પણ ફોડી નાખત : **જનકલ્યાણ**
- આ વિશ્વ એક પાઠશાળા છે અહીં શિખાતા પાઠ કોઈ પાઢ્ય પુસ્તકમાં નથી : **ડૉ. ચંદ્રકાન્ત મહેતા**
- **આજનું ઔષધ** : દૂધી ની છાલને સૂકવી તેનો પાઉડર બનાવી સવાર-સાંજ માટલાના ઠંડા પાણી સાથે લેવાથી હરસમાં રાહત થાય છે.

(સંકલન : દિપક વી. આશરા)

બોધકથા

પયગંબર હઝરત મુસાને અભિમાન થયું કે હું પયગંબર, ભગવાન મારી સાથે સન્મુખમાં વાત કરે. સ્વર્ગમાં મારો મહેલ ભગવાનની અડોઅડ જ હશે ને ? પણ મારો પાડોશી કોણ હશે ? એનો પરિચય હું ભગવાન પાસેથી મેળવી લઉં.

મુસાએ ભગવાનને પૂછ્યું તો જવાબ મળ્યો કે તારી શેરીમાં જ છેક છેલ્લું ઝુંપડું છે એમાં રહેતો મોચી સ્વર્ગમાં તારો પડોશી હશે. મુસા તો વિચારમાં પડી ગાય અ મોચી તો કદી મસ્જીદમાં આવતો ન હતો કે ન કોઈ પીર પૂજતો. મુસા એને મળવા રૂબરૂ ગયા. મોચીને સાદ પાડ્યો. થોડીવારે મોચી બહાર આવ્યો બે હાથ જોડી ક્ષમા માંગી, 'હમણા પાછો આવું છું.' ' કહીને ફરી અંદર ચાલ્યો ગયો. મુસાને લાગ્યું કે અંદર કીં ગૂઢ સાધના ચાલતી હશે. મુસાએ ઝુંપડીમાં ડોકિયું કર્યું, તો તેમણે જોયું. મોચી પોતાની વૃદ્ધ માતાને રૂનાં પોતાથી દૂધ પીવડાવી રહ્યો હતો. એ કામ પુરું કરી માતાને ઉંચકીને પલંગમાં સરખા સુવડાવી પછી તે બહાર આવ્યો અને તેણે મોડું કરવા બદલ મુસાની માફી માંગી, આવવાનું કારણ પૂછ્યું.

પણ હવે મુસા પોતે જ એ મોચીના પગમાં પડ્યાં અને કહવું ''ખુદાને ખુશ કરવાની બંદગી તારા આ મુંગા હાથમાં છે, દોસ્ત..! તારા મહેલના મિનારા તો મારા કરતાંય ઉંચા હોય અને તું ખુદાને મારાથી વધુ પ્યારો હોય એમાં નવાઈ નથી.''

કુંભ પર્વની વેળાસરની સમાપ્તિ આવકારદાયક

તંત્રીસ્થાનેથી...

કાલિદાસ કહે છે : 'ઉત્સવપ્રિયા : ખલુ જનાઃ ।' પ્રજાને મોજમસ્તી, ઉજવણી - ઉજાણી બહુ જ ગમે છે. અતિગંભીર પ્રકૃતિના જૂજ લોકો એવા મળે જેમને જીવન એક અભિશાપ, લખચોરાશીના ફેરા જેવું લાગે અને એ પણ જો ઈશ્વરમાં માનતા હોય તો જન્મમરણની જંજાળમાંથી છૂટી જવા ભજનકીર્તન જેવા ઉપક્રમોમાં તો સામેલ થતા જ હોય. નરસિંહ મહેતા જેવા ભક્તકવિ તો વળી કીર્તન, નામસ્મરણ અને 'ઓચ્છવ' કરવા મુક્તિથી પણ વેગળા રહી 'જન્મોજનમ' અવતાર માગતા રહ્યા છે. કુંભ મેળો આપણી પ્રાચીન પરંપરાને જીવંત રાખતો મહોત્સવ છે. દર ચાર વર્ષે એ દેશના વિવિધ ભૂભાગોને આવરી લેતાં તીર્થસ્થાનોમાં ભરાય છે. હરિદ્વાર, પ્રયાગરાજ, ઉજ્જૈન અને નાશિકમાં યોજાતો આ આધ્યાત્મિક ચેતનાનો મહોત્સવ ભારતીય સંસ્કૃતિની અસલી ઓળખ સમો છે. દેશ પર સેંકડો વર્ષો સુધી વિધર્મીઓનું શાસન રહ્યું પણ પ્રજાની આસ્થાનું મહાપર્વ ગણી એની સાથે ચેડાં કરવાની કોઈએ હિંમત નહોતી કરી. કદાચ કુંભમેળાના ઈતિહાસમાં પહેલી વખત હિંદુત્વના પ્રખર હિમાયતી ગણાતા વર્તમાન વડાપ્રધાને એને સમયથી વહેલો સમાપ્ત કરવાની હિમાયત કરી છે જેનો સંત સમાજે મિત્ર પ્રતિભાવ આપ્યો હોવા છતાં એક પછી એક મહત્વના અખાડા કુંભની પૂર્ણાહૂતિ જાહેર કરી હરિદ્વારથી રવાના થઈ રહ્યા છે. મહામારી જેવા સમયે લાખો શ્રદ્ધાળુઓ હર કી પૈડી જેવી સાંકડી જગ્યાએ ભેગા થઈને ગંગાજીમાં ડૂબકી લગાવે અને સાધુ સંતોના વિવિધ અખાડાઓની શાહી સ્નાન માટેની સવારીઓ નીકળે એથી કોરોના વાઈરસ માટે તો સાનુકૂળ વાતાવરણ જ સરજાય. કેન્દ્ર કે ઉત્તરાખંડની સરકાર કુંભ પર્વ સ્થગિત કરાવવાની આગોતરી હિંમત ન કરી શક્યાં કારણ કે એની સાથે પરંપરાગત આસ્થા ઉપરાંત જેને બાળહઠ, સ્ત્રી હઠ અને રાજ હઠની લગોલગ મૂકવામાં આવી છે એની 'જોગી હઠ' સંકળાયેલી હતી. વર્તમાન સરકાર તો હિંદુત્વના કાર્ડ પર જ ચૂંટાયેલી છે એટલે એની પાસે એવી વૈજ્ઞાનિક વિચારસરણીને અનુસરે એવી અપેક્ષા જ વધારે પડતી ગણાય. પરંતુ કદાચ કોંગ્રેસની આગેવાનીવાળી સરકાર હોત તો પણ એ ભાગ્યે જ આ મહા પર્વ મુલતવી રાખવાનો આકરો નિર્ણય લઈ શકી હોત. સોનિયા ગાંધી પ્રયાગરાજ પહોંચી જઈને કુંભ સ્નાન કરી આવેલાં છે તે યાદ આવે જ. ખરી ફરજ તો દેશની ન્યાય પાલિકાની હતી, જે આ મુદ્દે મૌન સેવીને બીજા ક્ષુલ્લક મુદ્દાઓ પર સરકારને ખખડાવતી રહી છે. હવે જ્યારે કુંભ પર્વમાં અનેક સાધુ સંતો અને શ્રદ્ધાળુઓ 'કોરોના પ્રસાદી' સાથે પાછા ફરી હ્યા છે ત્યારે રાજ્ય સરકારે દર્શાવેલી હિંમત જરૂર દાદ માંગી લે છે. કુંભ માંથી પાછી ફરેલી કોઈપણ વ્યક્તિએ કોરોના ટેસ્ટમાંથી પસાર થવું જ પડશે અને જો એ સંક્રમિત લાગશે તો એને ક્વોરન્ટાઈન પણ કરી દેવાશે. ગુજરાતના મુખ્યમંત્રીએ અને નાયબ મુખ્યમંત્રીએ આ બોલ્ડ નિર્ણય લઈને પ્રજાના સ્વાસ્થ્યની રખેવાળીની ફરજ બજાવી છે તે બદલ તેઓ અભિનંદનના અધિકારી છે. આસ્થા અને વિજ્ઞાન વચ્ચે સ્પર્ધા ન થવી જોઈએ. આસ્થાએ અંગત મુદ્દો છે. વિજ્ઞાન તો વિશ્વવ્યાપી 'જ્ઞાન' છે. એનો અનાદર ભારે પડી શકે છે. વડાપ્રધાન કે મુખ્યમંત્રી વિજ્ઞાનના વિદ્યાર્થી નહીં હોવા છતાં અનુભવે આ સત્ય સ્વીકારે છે એની પ્રતીતિ એમનાં પગલાં દ્વારા થઈ રહી છે. વડાપ્રધાને કપરા 'કોરોના કાંડ' ટાણે એક તરફ ઉત્તરાખંડના અર્ધદગ્ધ મુખ્યમંત્રી પર દબાણ લાવીને અને બીજી તરફ મહામંડલેશ્વર અવધેશાનંદ ગિરિ જેવા પ્રબુદ્ધ સંતાને અંગત ભલામણ કરીને કુંભની પ્રતીકાત્મક સમાપ્તિ કરવાનો આગ્રહ સેવ્યો તેને આવકારીએ.

જાહેર ધર્માદા ટ્રસ્ટો માટેના નવા નિયમો અમલમાં...

કાયદો અને કાનૂન
અશ્વિન ત્રિવેદી

ગુજરાતમાં જાહેર ધર્માદા ટ્રસ્ટો માટે તા. ૦૧/૦૪/૨૦૨૧થી નવીન નિયમો અમલમાં મુકવામાં આવ્યા છે. આ મુજબ તમામ ધાર્મિક જાહેર ટ્રસ્ટોએ નવેસરથી રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. ૧૯૫૦ના ટ્રસ્ટ એક્ટમાં મોટા પાયે ફેરફાર કરવામાં આવ્યો છે. ટ્રસ્ટોને આવકવેરાની વિવિધ કલમોમાં સમાવેશ કરવામાં આવ્યો છે. હવેથી એક વખત ટ્રસ્ટ રજીસ્ટ્રેશન થયા પછી કાયમ માટે ચાલુ રહેતું નથી તેને દર વર્ષે રીન્યુઅલ કરાવી નવો નંબર મેળવવો પડશે. નવા જાહેર ધર્માદા ટ્રસ્ટનું ઓડિટ તથા ઈન્કમટેક્ષ રીટર્ન ફરજીયાત ફાઈલ કરવું પડશે. જે ટ્રસ્ટોના ઓડિટ ના થયા હોય તથા આવકવેરા રીટર્ન ફાઈલ ના કરવામાં આવ્યું હોય તેવા તમામ ટ્રસ્ટોના રજીસ્ટ્રેશન આપોઆપ રદબાતલ કરવામાં આવશે.

આવકવેરા કાયદાની કલમ : ૧૨ એએ મુજબ ટ્રસ્ટોની નોંધણી કરવામાં આવી હોય તેને કલમ : ૧૧ તથા ૧૨ મુજબ આવકવેરા મુક્તિનો લાભ મળતો હોય છે. આજ પ્રમાણે કલમ : ૧૦(૨૩સી) મુજબ માન્ય યુનિવર્સિટિ, હોસ્પિટલ કે તબીબી સંસ્થા, શૈક્ષણિક સંસ્થા ને કરમુક્તિનો લાભ મળે છે. જે નોંધણી રદ ના થાય ત્યાં સુધી કાયમી ગણાય છે. એ જ રીતે દાતાઓને કરમાં મુક્તિ આપતી કલમ : ૮૦જી ની હાલની જોગવાઈઓ અનુસાર એકવખત માન્યતા આપ્યા બાદ તે પરત ના ખેંચાય ત્યાં સુધી અમલમાં રહે છે.

હવેથી નવા સુધારા મુજબ કલમ : ૧૨એ કે ૧૨એએ તેમજ કલમ : ૧૦(૨૩સી) તેમજ કલમ : ૮૦જી(૫) હેઠળ માન્યતા આપવામાં આવી હોય તેવા ધાર્મિક ટ્રસ્ટ કે સંસ્થાએ ૩૦ જુન, ૨૦૨૧ સંધીમાં નવા ફોર્મ ભરી રજીસ્ટ્રેશન રીન્યુઅલ કરવાનું રહેશે. આ માટેની તમામ પ્રક્રિયા ઓનલાઈન રહેશે.

સી.બી.ડી.ટી. એ તાજેતરમાં એક નોટીફિકેશન બહાર પાડીને શ્રેણીબધ્ધ ટ્રસ્ટ માટેના નવા ફોર્મ ઓનલાઈન મુકેલ છે. કલમ : ૮૦જી માન્યતાવાળા ટ્રસ્ટોએ કલમ : ૧૦એ બી માં કરવાની અરજી સાથે જરૂરી ડોક્યુમેન્ટ પણ ફાઈલ કરવાના રહેશે. જે મુજબ ટ્રસ્ટના સંસ્થાની સ્થાપના દર્શાવતા ટ્રસ્ટ ડીડ, બંધારણનો દસ્તાવેજ, આવકવેરા ખાતા તરફથી ફાળવવામાં આવેલ કલમ: ૧૨એ તથા ૧૨એએ મુજબ નોંધણીનું સર્ટીફિકેટ તથા આવકવેરા ખાતા દ્વારા દાન સ્વીકારવાની કલમ : ૮૦જી મુજબનું સર્ટીફિકેટ છેલ્લા ૩ વર્ષના ઓડિટ રીપોર્ટ ફોર્મ સાથે જોડવાનાં રહેશે.

૩૦ જુન, ૨૦૨૧ સુધી નોંધણી કે માન્યતા માટે કરવામાં આવેલી અરજી માટે સી.આઈ.ટી. દ્વારા ૩ મહિનાના સમયમાં ઓર્ડર કરવામાં આવશે. અગાઉના નોંધાયેલા ટ્રસ્ટ કે સંસ્થાની નોંધણી કે માન્યતાને પાંચ વર્ષના સમયગાળા માટે મંજૂર કરવામાં આવશે. નવા જાહેર કે ધર્માદા ટ્રસ્ટને સંસ્થા અંગે જાહેર થયેલા નિયમો મુજબ તેમણે જે નાણાંકિય વર્ષથી નોંધણી મેળવી હોય તેના પ્રારંભના એક મહિના પૂર્વે અરજી કરવાની રહેશે અને તેના એક મહિનાના સમયમાં સી.આઈ.ટી. દ્વારા આવા ટ્રસ્ટને પ્રોવિઝનલ રજીસ્ટ્રેશન આપવામાં આવશે. ટ્રસ્ટ કે સંસ્થા દ્વારા કામગીરી શરૂ કરવામાં આવે તેના છ મહિનાથી ૩ વર્ષ સુધી પ્રોવિઝનલ સર્ટીફિકેટ માન્યતા રહેશે અને આ સમય પૂર્ણ થાય તેના છ મહિના અગાઉ તેઓ ફાઈનલ રજીસ્ટ્રેશન માટે અરજી કરી શકશે.

નવા ટ્રસ્ટ એક્ટમાં નિયમોમાં સુધારા કરવામાં આવતા જે ટ્રસ્ટ માત્ર કાગળ ઉપર જ રજીસ્ટ્રેશન હશે તે ઓટોમેટીક રદબાતલ ઠરશે. ૩ વર્ષના ઓડિટ રીપોર્ટ તથા નવીન રજીસ્ટ્રેશન મેળવવું તમામ ટ્રસ્ટ માટે ફરજીયાત છે.

મો. ૯૮૨૫૪૫૦૧૯૧,
info@trivediassociates.in

સંબંધોની આ માયાજાળમાં અમુક સંબંધ પારસમણિ સમાન

WhatsApp ઓફ ધી વીક
નેહલ ગઢવી

મનુષ્યના જન્મથી લઈને તેના મૃત્યુ સુધીની તેની જીવનયાત્રાના પ્રવાહમાં તે કેટલાય સંબંધોમાં બંધાય છે. કેટલીય વ્યક્તિઓના સંપર્કમાં આવે છે! મિત્રવર્તુળ, સગાસંબંધીઓ, કુટુંબ, ઓફિસના સહકર્મચારીઓ, ગાર્ડનમાં વોક કરતી વખતે બનેલું ખાસ મિત્રમંડળ એવા કેટલાય સંબંધોના તાંતણે તેનું જીવન ગુંથાય છે! કોઈની જોડે અત્યંત નજીકનો સંબંધ તો કોઇની જોડે માત્ર ઔપચારિક સંબંધ, કોઇના માટે જીવ આપી દેવા તત્પર હોઈએ એ પ્રકારનો સંબંધ તો કોઇને જોઇને માત્ર હોઠ પર એક સ્મિત આવે એટલી જ ઓળખ! કોઇના ખોળામાં માથું રાખીને મનભરીને રડી શકાય એવો હૂંફાળો સંબંધ તો કોઇની સામે આંસુને પણ પી જવા પડે તેવો સંબંધ! અને આ તો વ્યક્તિઓના એકબીજા સાથેના સંબંધોની વાત થઈ આ ઉપરાંત વ્યક્તિનો ઈશ્વર સાથેનો સંબંધ તેની દિવ્યતા કે અલૌકિક આત્મીયતાનો અહેસાસ કંઇક નિરાળો જ હોય! અને આ ઉપરાંત આપણો આપણા ઘર સાથેનો સંબંધ, બગીચાના કોઈ ખાસ; ગમતા ફૂલના છોડ સાથોનો સંબંધ, તુલસીક્યારા સાથેનો સંબંધ, ઘરની બાલ્કનીમાંથી રોજ રાત્રે વિચારોના વમળોમાં ખોવાયેલા આપણે જે આકાશને નિહાળીએ છીએ તે આકાશના એક ટુકડા સાથેનો આપણો સંબંધ! આવા કેટકેટલા સંબંધોના તાંતણે આપણે આ સુંદર જીવનને સજાવ્યું છે. કારણ કે માણસ એ સંવેદનાઓથી ભરપૂર છે. કવિશ્રી હસિત બૂચ લખે છે તેમ,

"લોકનું તો ભઇ, એવું એક ઘડી એ કબૂતરાં ને ઘડી અન્ય એ સાવજ; મીણ સમાણાં પોચાં આ પળ, પળ બીજી એ વજ્ર; ચિપાઇ જાતાં અંગૂઠે, ને ઊંચકે દુનિયા અદ્ધરા"

પણ સંબંધોની આ માયાજાળમાં અમુક સંબંધ પારસમણિ સમાન હોય છે. કહે છે કે પારસમણિ જેને અડકે તે વસ્તુ સોનાની થઇ જાય. જો કે ખરો પારસમણિ આપણા અંતરમાં રહેલો છે. આપણી પોતાની અંદર જ એવી કોઇક વસ્તુ રહેલી છે કે જેના સંબંધમાં આપણે આવીએ, તો આપણી જિંદગી બદલાઈ જાય; આપણે પોતે જેવા હોઇએ તે મટી જઇને જુદા જ બની જઇએ. જો કે, આ માટેનો સમય દરેકના જીવનમાં પરિપક્વતા અને સમજણની ચરમસીમાએ પહોંચે ત્યારે જ આવે છે! ત્યાં સુધી વ્યક્તિ અંધારામાં ફાંફા મારવા જેવું નિરર્થક જીવન જ જીવ્યા કરે છે. પોતાની અંદર રહેલો આ પારસમણિ જ્યારે ઘણાને હાથ ન જ લાગે ત્યારે એમાંના કેટલાક કોઈ ગુરુમાં કે મહાપુરુષમાં તેને પામે છે, તેવા દિવ્ય અને અલૌકિક પારસથી તેમનું જીવન બદલાઇ જાય છે. આ બધામાં ભગવાન એટલે કે ઈશ્વર એ એક એવા પારસમણિ છે કે, જો કોઈ એને અડકે - કે તેને અડકવાનો શુભ વિચાર કરે - તો એવા માણસમાં ફેરફારો થવા લાગે છે અને આખરે માણસ પોતે એ અસલ પારસમણિ જેવો જ બની જાય છે. જો કે, આ અવસ્થાને પામવા મનુષ્ય ઘણા પ્રયત્નો કરવા પડે છે. આપણે સૌ જાણીએ જ છીએ કે સાવ મામૂલી ગણાતો કોલસો જ્યારે જમીનમાં ખૂબ ઊંડે દટાઈ જાય અને તેના ઉપર પાવાગઢ પર્વત જેટલું વજન પડે તો એ જ કોલસો હીરો બની જાય! ફ્રાંસના એક રસાયણશાસ્ત્રી લાવોઝીરે કોલસાની ભૂકી લઈને ખૂબ ગરમ ધાતુમાં નાખીને પછી એકદમ તેના ઉપર ચંત્રો વડે ભારે દબાણ કર્યું જેના પરિણામે હીરાની નાની નાની કણીઓ બંધાઈ ગઈ. જે પ્રમાણે કોલસામાં આવો ફેરફાર થઈ શકે છે, તેમ જીવતાં પ્રાણીમાં પણ કેટલીકવાર એવો ફેરફાર થતો જોવા મળે છે. જમીન પર પેટ ઘસીને ચાલતી ઇયળની એક જાત એવી થાય છે કે એની આજુબાજુ માટીનું પડ કરીને અંદર તેને પૂરી રાખવામાં આવે છે. એ કેદખાનાની અંદર ને અંદર એનો વિકાસ થાય છે, અને ધીમે ધીમે એને પાંખો ફૂટે છે. ત્યાર પછી માટીના પડને તોડીને તે બહાર નીકળી પડી જાય છે; એ પતંગિયું બની જાય છે! જમીન પર પેટ ઘસડતી ઇયળ, અને હવામાં છૂટથી ઊડતું પતંગિયું એ બેમાં કેટલો ફેર છે! પણ ઇયળમાંથી પતંગિયું બની જાય છે.

કોલસાનું ઉદાહરણ લઈએ કે ઇયળનું મૂળભૂત બાબત એ છે કે તેના પર ભારે દબાણ આવે ત્યારે તેનું સ્વરુપ કંઇક અદ્‌ભુત રીતે વિકસે છે. ધોરણ-૧૦ અને ૧૨ના પરિણામો જોઈએ ત્યારે આપણે ઘણીવાર એવા કિસ્સાઓ જોયા, સાંભળ્યા અને વાંચ્યા છે કે અનેક તકલીફો, મુશ્કેલીઓ અને સંઘર્ષો વચ્ચે વિદ્યાર્થીઓ અસાધારણ સિદ્ધિઓ હાંસલ કરે છે, એટલે કે અનેક અગવડોને પાર કરીને તેમનામાં રહેલું પારસ ઝળકી ઊઠે છે, ખીલી ઊઠે છે. આ પ્રકારની અવસ્થા જો કે શાળાજીવન દરમિયાન જ પ્રાપ્ત થાય એવું જરુરી નથી. ઉમરના કોઈ પણ તબક્કે આપણે સતત પ્રયત્નશીલ રહીએ તો પારસમણિ સમાન એકાદ સંબંધ તો આપણને મળી જ આવે છે. જેના સ્પર્શમાત્રથી આપણું સમગ્ર અસ્તિત્વ, વ્યક્તિત્વ સોળે કળાએ ખીલી ઊઠે છે. જો કે, આ શ્રેષ્ઠ તબક્કા સુધી પહોંચવામાં કેટલાય આંસુ અને કેટલીય તકલીફોનો સામનો કરવો પડે છે. કવિ ભગવતીકુમાર શર્મા લખે છે તેમ,

"ડૂબકી દરિયે દીધા વગર મોતી આવે નહીં જળ ઉપર;
આખું ભીતર વલોવાય તો અશ્રુ આવે છે પાંપણ સુધી"

માનવજીવનમાં અમુક સંબંધ લીમડા સમાન કડવા છતાં ગુણકારી હોય છે જે વ્યક્તિને માર્ગથી ભ્રમિત કે ચલિક થતાં અટકાવે છે. આજનો સમાજ વધુ દંભી બન્યો છે અને એકબીજાને સાચી સલાહ કે યોગ્ય રાહ ચીંધવાનો સમય હવે રહ્યો નથી. એકબીજાના મિત્રો હોવાનો દંભ કરતા વ્યક્તિઓ પણ સાચી સલાહ આપતાં અચકાય છે. ઉર્ ઠ્ઠ્ઠ્